## રેગ્યુલર દિવાની મુકદમા નં. ૪૧/૨૦૨૧

**<u>પ્રતિવાદીઓ  તરફે રજુ કરવામાં આવેલ સી.પી.સી. નાં ઓર્ડર ૭ રુલ ૧૧ (ડી) મુજબ આંક–૧૩  ની અરજી લગત હુકમ:–</u>**

**(૧)** આ કામનાં પ્રતિવાદીઓ તર્ફે હાલની અરજી સી.પી.સી. ઓ. ૭ રુલ ૧૧ (ડી) તથા કલમ– ૧૫૧ મુજબ વાદીનો દાવો રદ કરવા માટે આપેલ છે અને જણાવેલ છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે દાવો લાવતા પહેલા વાદીએ પ્રતિવાદીને નોટીસ આપેલ જેનો પ્રતિવાદીએ જવાબ આપેલ છે જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે પ્રતિવાદી સવાલ વાળી સંસ્થાના પ્રમુખ નથી તેમ છતાં વાદીએ પુરતી તપાસ કર્યા વગર પ્રતિવાદી સંસ્થાના પ્રમુખની સામે દાવો લાવવાના બદલે વ્યકિતગત ધોરણે પ્રતિવાદીનું નામ લખી સ્વમરજીથી તેને પ્રમુખ તરીકે દર્શાવી દાવો લાવેલ છે. જેથી હાલના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે. વાદીની દાવાઅરજી સ્પે.રીલીફ એટકની કલમ–૬ તથા કલમ–૩૪, ૩૬ તથા ૩૯ હેઠળ લાવેલ છે પરંતુ દાવાના વિષય વસ્તુ રેન્ટ એકટ હેઠળ દર્શાવેલ છે અને રેન્ટ એકટની કઈ જોગવાઈ હેઠળ દાવો લાવેલ છે તે દર્શાવેલ નથી. તથા દાવો વિજ્ઞાપનની સાથોસાથ મેન્ડેટરી ઓર્ડર માટેની દાદ વાળો છે પરંતુ તેમાટે હકુમતનો આંક કે કોર્ટફી ભરાયેલ નથી. આથી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(સી) મુજબ દાવો ચાલવા પાત્ર નથી.

**(૧.૧)** પ્રતિવાદીની અરજી મુજબ ગુજરાતમાં વકફ એકટ અમલમાં આવ્યા બાદ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ મુસ્લીમ જાહેર ટ્રસ્ટોને વકફ

એકટ હેઠળ રચાયેલ વકફ બોર્ડ સમક્ષ મુકવામાં આવેલ છે. અને ગુજરાત વકફ એકટ ૧૯૯૫ થી નિયંત્રીત થાય છે. દાવાની મિલકત વકફ પ્રોપર્ટી છે, અને વકફ પ્રોપર્ટીને લગત કોઈપણ પ્રશ્ન માટે 'ધી ગુજરાત વકફ એકટ–૧૯૯૫ ની જોગવાઈઓ તથા ધી વકફ લીઝ રુલ્સ ૨૦૧૪ ની જોગવાઈઓ લાગુ પડે છે. 'ગુજરાત વકફ એકટ– ૧૯૯૫' ની કલમ– ૮૩(૧) મુજબ વકફ મિલકતો બાબત કોઈ પ્રકારનાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા કે તે કાયદા મુજબ કામ ચલાવવા માટે વકફ ટ્રિબ્યુનલને સત્તા છે. ગુજરાત સરકારે 'વકફ ટ્રિબ્યુનલ' ની રચના કરેલ છે. અને સદર કાયદાની કલમ–૮૩(૫) મુજબ 'વકફ ટ્રિબ્યુનલ' દિવાની કોર્ટ હોવાનું ગણાશે તથા દિવાની કોર્ટ વાપરતી હોય તે તમામ સત્તા તેને રહેશે. 'ગુજરાત વકફ એકટ– ૧૯૯૫' ની કલમ– ૮૫ માં વકફને કે વકફની મિલકતોને લગત કોઈ પણ તકરાર કે કાર્યવાહી સાંભળવાની સત્તા વકફ ટ્રિબ્યુનલને આપવામાં આવેલ છે અને દિવાની તથા રેવન્યુ કોર્ટોમાં અરજ અહેવાલ કે દાવો માંડી શકાશે નહી તેવું સ્પષ્ટ ફરમાવેલ છે. વકફ મિલકતો લગત દાવા ચલાવવા સામે નામદાર કોર્ટને હુકુમતનો બાધ નડે છે જે દાવો ચલાવવા નામ. કોર્ટને સત્તા નથી. 'ગુજરાત વકફ એકટ– ૧૯૯૫' ની કલમ– ૮૯ મુજબ વકફ અંગેના કોઈ પણ કેસ કે અરજી કે દાવાદુવી માટે ગુજરાત વકફ બોર્ડને નોટીસ આપવી જરુરી છે. જે આ કેસમાં આપવામાં આવેલ નથી તથા કલમ– ૯૦(૧) તથા કલમ– ૯૨ મુજબ કોઈ પણ દાવા કે કાર્યવાહીમાં જેમાં વકફ કે વકફની મિલકતને લગતી હકીકત હોય તેવી કાર્યવાહીમાં વકફ બોર્ડ જરુરી પક્ષકાર છે જેને નોટીસ આપવી ફરજીયાત છે. હાલનાં કામે વકફ

બોર્ડને કોઈ નોટીસ આપવામાં આવેલ નથી કે વકફ બોર્ડને પક્ષકાર બનાવવામાં આવેલ નથી. આથી કાયદાએ નકકી કરેલ અનિવાર્ય અને જરુરી પક્ષકારોની ગેરહાજરીમાં હાલની દાવા અરજી પર ન્યાય નિર્ણય કરવાની અત્રેની કોર્ટને હુકુમત ન હોય, વાદીનાં દાવાને 'ગુજરાત વકફ એકટ– ૧૯૯૫' ની કલમ–૮૩(૧), ૮૩(૫), ૮૫, ૮૯, ૯૦ તથા ૯ર નો બાધ નડતો હોય દાવાઅરજી સી.પી.સી. ઓ. ૭ રુલ ૧૧(ડી) મુજબ નામંજુર કરવા અરજ કરેલ છે.

(ર) વાદી તર્ફે ઉપરોકત અરજીનો આંક– ૧૯ થી લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીએ ખોટી હકીકત વાળી તથા કાયદેસર ટકવાપાત્ર ન હોય તેવી અરજી કરેલ હોય, રદ થવા પાત્ર છે. પ્રતિવાદીએ તેમની નોટીસના જવાબમાં પોતે ટ્રસ્ટી હોવાનું કબુલ રાખે છે પરંતુ તે ટ્રસ્ટના પ્રમુખ કોણ છે તે જણાવેલ ન હોય જેથી વાદીએ ટ્રસ્ટી સામે દાવો લાવેલ છે અને ટ્રસ્ટી પ્રતિવાદી પ્રમુખનુ નામ જાહેર કરે ત્યારે તેને સદરહું દાવામાં પક્ષકાર તરીકે જોડવાનો હકક કાયમ રાખવા જણાવેલ છે. વાદીએ સ્પે.રીલીફ એકટની કલમ–૬ તથા ૩૪, ૩૬, ૩૯ મુજબનો દાવો કરેલ છે પરંતુ રેન્ટ એકટ મુજબનો દાવો કરેલ નથી. વાદીએ મજલીસે હમદર્દાને મીલ્લત ટ્રસ્ટની મિલકતનું ગોડાઉન ભાડે રાખેલ છે અને તેનું નિયમીત ભાડુ પ્રતિવાદીને ચુકવવામાં આવે છે અને તેની પહોંચ પ્રતિવાદી વાદીને આપે છે પંરતુ પ્રતિવાદીએ વાદીના ભાડાવાળા ગોડાઉનનો કબજો ગેરકાયદેસર રીતે પડાવી લીધેલ હોય અને ફોજદારી ગુન્હો બને તેમ વાદીએ મારેલ તાળુ

તોડીને તેમાં ગેરકાયદેસર કબજો કરેલ હોય તે કબજો પરત મેળવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગેનો દાવો કરેલ છે અને કોર્ટ ફી અધિનિયમ મુજબ સદરહું ભાડાવાળી જગ્યાનું વાર્ષીક ભાડાની કિંમત ઉપર કોર્ટફી એકટની જોગવાઈ મુજબ કોર્ટફી ભરેલ છે. તેમ છતાં નામદાર કોર્ટની સુચના મુજબ કોર્ટ ફી ભરવા ખુશી છીએ. વાદીની ભાડા વાળી મિલકત ટ્રસ્ટ ઉપર આવેલ છે પરંતુ વકફ એકટ હેઠળ હોવાની હકીકત ખરી નથી અને પ્રતિવાદી તરફથી જે પહોંચ આપવામાં આવે છે તેમા વકફ અંગેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી તેથી વકફ હેઠળની મિલકત હોવાની હકીકત પ્રતિવાદી ખોટી જણાવે છે. તે અંગેના પ્રતિવાદીએ કોઈ આધાર પુરાવા રજુ કરેલા નથી અને એ રીતે સદરહું ભાડા વાળી મિલકત ગુજરાત વકફ એકટ ૧૯૯૫ હેઠળ આવતી હોવાની હકીકત ખરી ન હોય તેનો ઈન્કાર કરીએ છીએ વકફ હેઠળ આવતી મિલકતમાં વકફ એકટ હેઠળ ચલાવવા માટે કેસની હકીકત કયા પ્રકારની છે તે મુજબ નિર્ણય થઈ શકે, હાલના દાવામા વકફ એકટ લાગુ પડતો નથી અને આ તમામ હકીકત પુરાવો લીધા વગર સાબીત થઈ શકે તેમ ન હોય પ્રતિવાદીની અરજી નામંજુર કરવા જણાવેલ છે. ગેરકાયદેસર રીતે પ્રતિવાદી કબજો કરીલે અને પછી કહે કે, વકફ એકટ મુજબ કાર્યવાહી કરવી જોઈએ તે પ્રતિવાદીની ગેરકાયદેસરની માનસિકતા છતી કરે છે. પ્રતિવાદીએ ભાડાવાળી મિલકતનો ગેરકાયદેસર કબજો કરી લીધેલ હોય તે પરત મેળવવા માટે સ્પે.રીલીફ એટકની કલમ–૬ હેઠળ દાવો કરેલ છે. તેમાં તા.૨૮/૧/૨૦૨૧ પહેલા દાવાનું કારણ ઉતપન્ન થયેલ હોવાનું જણાવે પરંતુ પ્રતિવાદીએ વાદીના ભાડાવાળી મિલકતમાં તા.૨૮/૧/

૨૦૨૧ પહેલા કઈ તારીખે ગેરકાયદેસર કબજો પ્રતિવાદીએ કરી લીધેલ છે તેની ચોકકસ તારીખની વાદીને જાણ નથી અને તે હકીકતને છ માસ પુરા થતા નથી તેથી પ્રતિવાદીએ તેમની અરજીમાં માંગેલ દાદનો વાદી સ્પષ્ટ ઈન્કાર કરે છે અને સદર દાવાનો પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ ન હોય પ્રતિવાદીની ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબની અરજી રદ કરવા જણાવેલ છે.

(૩) પ્રતિવાદી તર્ફે વિ. વ. શ્રી યુ.એમ. વન્ના નાં ઓએ દલીલ કરી જણાવેલ છે કે, મુસ્લિમ દરગાહ, મસ્જિદ વગેરે મિલકતને મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ લાગુ પડતો નથી. દાવાવાળી મિલકત ટ્રસ્ટની મિલકત હોવાની એડમીટેડ ફેકટ છે અને વકફ એકટ ૧૯૯૫ નો અસ્તીત્વમાં આવ્યા બાદ મુસ્લીમ ટ્રસ્ટ અને મુસ્લીમ વકફ અંગેની તમામ મિલકતો વકફ એકટ હેઠળ નિયંત્રીત થાય છે. તથા વકફ ટ્રિબ્યુનલ અસ્તીત્વમાં આવ્યા બાદ આવી મિલકતની તકરારોનો નીર્ણય કરવાની સત્તા વકફ ટ્રિબ્યુનલને છે. મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ જે તે વખતે મુસ્લિમ પ્રોપર્ટીને બી નંબર આપવામાં આવતો હતો. કોઈ પ્રોપર્ટી વકફ પ્રોપર્ટી છે કે કેમ તે અંગેનો ડીસ્પ્યુટ હોય તો જ વકફ બોર્ડમાં મોકલવી તેવો આસ્પેકટ હતો અત્યાર સુધી તેનાં આધારે સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ હેઠળની અરજીઓ કાઢી નાંખવામાં આવતી હતી પરંતુ નામ. સુપ્રિમ કોર્ટનાં તાજેતરનાં ચુકાદા રસિદ વલી બેગ વિ. ફરીદ પિન્ડારીનાં જજમેન્ટ મુજબ પેરા– ૫૪

મુજબ વકફ કે વકફ પ્રોપર્ટી અંગે નાં કોઈ પણ ડિસ્પ્યુટ ચલાવવાની સતા સિવીલ કોર્ટ ને નથી. વકફ અંગેનાં કેસો ચલાવવા માટે ટ્રીબ્યુનલની સ્થાપના થયેલ છે.

(૪) વાદી તર્ફે વિ. વ. શ્રી કે.બી.પરમાર દ્વારા આંક– ૩૩ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વકફ બોર્ડ હેઠળ ટ્રસ્ટનો સામાવેશ થયેલ હોય તો તે અંગેની કોઈ જાણ પ્રતિવાદીએ વાદીને કરેલ નથી. તેમજ ભાડાવાળી પહોંચમાં પણ ભાડાવાળી મિલકત વકફ હેઠળ નોંધાયેલ હોય તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ કાયદો હાથમા લઈ વાદીની ભાડા વાળી મિલકતનો ગેરકાયદેસર રીતે તાળુ તોડી ભાડા વાળી મિકલતનો ગેરકાયદેસર રીતે કબજો કરેલ છે અને તેમાં વાદીનો લાખો રૂપિયાનો લોખંડનો કાટમાળ આવેલ છે તેથી આ ભાડુતી ગોડાઉનનો પ્રત્યક્ષ અને શાંત કબજો ભાડુત દરજ્જે વાદીને ગોડાઉનમાં રહેલ જુના માલ–સામાન સહિત પ્રતિવાદી સુપ્રત કરી આપે તેવો આજ્ઞાત્મક હુકમ અને વાદી આ મિલકતનો ઉપયોગ કરે તેમાં પ્રતિવાદી કે તેના પ્રતિનિધિનો કોઈ અટકાયત અવરોધ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈહુકમ મેળવવા તથા વાદી કાયદેસરના ભાડુઆત હોવાનુ ઠરાવી આપવા હાલનો દાવો લાવેલ છે. જે સાંભળવા અને નિર્ણીત કરવાની સત્તા અત્રેની સિવિલ કોર્ટને છે. તેથી પ્રતિવાદીની અરજી નામંજુર કરવા જણાવેલ છે. વાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટના રમેશ ગોવિંદરામના વારસો વિરુધ્ધ સુગ્રા હુમાયુ મીરજા વકફ, એ.આઈ.આર.–૨૦૧૦ સુપ્રીમ કોર્ટ ૨૮૯૭ ના ચુકાદા પર

આધાર રાખેલ છે.

(૫) અરજી, અરજી સામેનો જવાબ, પ્રતિવાદી ની તથા વાદીની દલીલો ધ્યાને લીધી. હાલની અરજી વાદી તર્ફે સી.પી. સી. ઓર્ડર ૭ રુલ ૧૧(સી) અને (ડી) ની જોગવાઈ હેઠળ આપેલ છે. સી.પી.સી. ઓર્ડર–૭, રુલ ૧૧ (સી)મુજબ જો વાદી ધ્વારા દાવાના કામે ઓછી કોર્ટ ફી ભરેલ હોય અને તે ધ્યાન ઉપર આવે તો કોર્ટના હુકમ મુજબ વાદી તે ખુટતી કોર્ટફી ભરી શકે છે અને તે ભરવા માટે ખુશી હોવાનું વાદી તરફે તેમના આંક–૧૯ ના જવાબમા જણાવેલ છે. સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ (ડી) મુજબ જયારે દાવાઅરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે, કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે તો તેવા પ્રસંગોએ દાવાઅરજી કોર્ટે નામંજુર કરવી જોઈશે. વધુમાં સી.પી.સી. ઓર્ડર–૭, રુલ –૧૧ ની જોગવાઈ અંગે ઉચ્ચ અદાલતો દ્રારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં , કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ ની અરજી નકકી કરતી વખતે કોર્ટે વાદીની દાવાઅરજીની હકીકતો સમગ્ર પણે ધ્યાને લેવી જોઈએ અને તેનાં પરથી નકકી કરવું જોઈએ કે, દાવાનું કોઈ કારણ ઉદભવેલ છે કે કેમ? અથવા કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે કે કેમ ? વધુમાં એવું પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, દાવાની હકીકતો વાંચતા દાવાને કોઈ કાયદાથી બાધ આવતો હોવાનું જણાઈ આવે, તે સંજોગોમાં જ દાવો સી.પી.સી. ઓર્ડર–૭, રુલ ૧૧ (ડી) મુજબ રદ કરી શકાય.

"A Clear rejection is always batter than fake Promise."

(૫.૧) પ્રતિવાદી તર્ફે હાલની અરજી વાદીનાં દાવાને ગુજરાત વકફ એકટની જોગવાઈઓનો બાધ નડતો હોવાનું જણાવી આપેલ છે. જે ગુજરાત વકફ એકટની કલમ– ૮૩(૧) ની જોગવાઈ ધ્યાને લઈએ તો,

83. Constitution of Tribunals, etc.—1 [(1) The State Government shall, by notification in the Official Gazette, constitute as many Tribunals as it may think fit, for the determination of any dispute, question or other matter relating to a waqf or waqf property, eviction of a tenant or determination of rights and obligations of the lessor and the lessee of such property, under this Act and define the local limits and jurisdiction of such Tribunals.]

ગુજરાત વકફ એકટની કલમ– ૮૫ ની જોગવાઈ ધ્યાને લઈએ તો, 85. Bar of jurisdiction of civil courts.—No suit or other legal proceeding shall lie in any 2 [civil court, revenue court and any other authority] in respect of any dispute, question or other matter relating to any 1 [waqf], 1 [waqf] property or other matter which is required by or under this Act to be determined by a Tribunal.

(૫.૨) વાદી તર્ફે તેઓનાં વાંધા જવાબ સાથે રમેશ ગોવિંદરામ ના વારસો વિરુધ્ધ સુગ્રા હુમાયુ મીરજા વકફ ઓન ૦૧/૦૯/૨૦૧૦ ના નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો રજુ થયેલ છે અને વકફ પ્રોપર્ટી અંગેનો હાલનો દાવો અત્રેની સિવિલ કોર્ટને ચલાવવાની હકુમત છે તેમ જણાવેલ છે. પરંતુ તે અંગે પ્રતિવાદી તર્ફે રજુ થયેલ નામ. સુપ્રિમ કોર્ટનાં **Rashid Wali Beg vs Farid Pindari on 28 October, 2021** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

53. It is well settled that the court cannot do violence to the express language of the statute. Section 83(1) even as it stood before the amendment, provided for the determination by the Tribunal, of any dispute, question or other matter (i) relating to a waqf; and (ii) relating to a waqf property. Therefore to say that the Tribunal will have jurisdiction only if the subject property is disputed to be a waqf property and not if it is admitted to be a waqf property, is indigestible in the teeth of Section 83(1).

54. In fact, Section 83(5) of the Act makes it clear that the Tribunal shall be deemed to be a Civil Court and shall have the same powers as may be exercised by a Civil Court under the CPC, while trying a suit or executing a decree or order. This is why this Court held in Syed Mohideen and Another vs. Ramanathapura Peria Mogallam Jamath and Others5 that the Waqf Tribunal will have power to issue temporary injunctions under Order XXXIX, Rule 1 CPC.

વધુમાં આ જ ચુકાદામાં આગળ પ્રતિપાદિત કરેલ છે કે,

56. In the case on hand, the property is admitted to be a waqf property. Therefore, to allow the plaintiff to ignore the Waqf Tribunal and to seek a decree of permanent injunction and mandatory injunction from a civil court, would be ignore the mandate of section 83 and 85 which speak of any dispute, question or other matter relating to a waqf or a waqf property.

આ ઉપરાંત પ્રતિવાદી તર્ફે રજુ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા **Darul Yatama Lal Banat Thru Secretary ... vs Narayanbhai Kothari on 19 July, 2024** માં ઠરાવેલ છે કે,

8. While noting above finding, the Hon'ble Supreme Court has surveyed all previous authorities in para 35 onwards of the

judgment. The case on hand, covers undisputed fact that property is Wakf property and the issue raised by the Wakf before the Civil Court was with regard to eviction of tenant or determination of right and obligation of lessor and lessee and therefore, only Wakf Tribunal gets and holds the jurisdiction to decide the issue. Learned advocate Mr.Shah in his utter fairness undefined while providing assistance to the Court submits that Wakf Tribunal in the State of Gujarat is constituted in the year 2016 and therefore, matter is to be transferred to the Wakf Tribunal.

વાદીની દાવાઅરજીનાં પેરા– ૨ મુજબ દાવાવાળી મિલકત ટ્રસ્ટ મજલીશે હમદર્દાને મીલ્લત ટ્રસ્ટ નં.બી ૧૭૧ જુનાગઢમાં નોંધાયેલ છે. એટલે કે ગુજરાત સ્ટેટ વકફ બોર્ડમાં રજીસ્ટર થયેલ મિલકત છે. આથી સવાલવાળી મિલકત વકફ પ્રોપર્ટી હોઈ ગુજરાત વકફ એકટથી નિયંત્રિત થાય છે. વાદી દ્રારા વકફ પ્રોપર્ટીના કાયદેસરના ભાડુઆત ઠરાવી આપવા તથા આ મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો ગોડાઉનમાં રહેલ જુના માલ–સામાન સહિત વાદીને પરત કરવા તથા કાયમી મનાઈહુકમની દાદ માંગેલ હોય, વાદીની દાવાઅરજીની હકીકતો, બંને પક્ષકારોની રજુઆતો તથા ગુજરાત વકફ એકટની કલમ– ૮૩(૧) અને ૮૫ ની જોગવાઈ અને નામ. સુપ્રિમ કોર્ટનાં અને નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદામાં કરેલ અર્થઘટન ધ્યાને લેતાં વાદીનાં હાલનાં દાવાને ગુજરાત વકફ એકટની જોગવાઈ મુજબ હુકુમતનો બાધ નડતો હોઈ દિવાની કાર્યરીતી સંહિતાનાં ઓ. ૭ રુલ ૧૧ (ડી) મુજબ દાવાઅરજી રદ કરવી ન્યાયોચિત જણાતી હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::– આખરી હુકમ –::**

**૧.** પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ આંક– ૮ ની સી.પી.સી ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજી આથી મંજુર કરવામા આવે છે.

**૨.** આ કામે વાદીની દાવા અરજી દિવાની કાર્યરીતી સંહિતાનાં ઓર્ડર–૭ રુલ ૧૧(ડી) અન્વયે રદ યાને નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** હુકમ મુજબ હુકમનામું દિન–૧૫ માં દોરવું.

**૪.** દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

આ હુકમ આજરોજ તા. ૩૧ મી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ:– ૩૧.૦૭.૨૦૨૬
સ્થળ:– માંગરોળ.

**( સુમીત્રા પુનીતકુમાર ચોપરા )**
પ્રિન્સીપાલ સીવીલ જજ, માંગરોળ
**U.I.Code No. GJ-01377**